આરામદાયક મુસાફરી માટે ૫૦ વોલ્વો બસનુ લોકાર્પણ

લગ્ન પ્રસંગે પણ રાહતદરે વિશિષ્ટ બસ સેવાનો પ્રારંભ : ગરીબ અને જરૂરિયાતમંદોને સુવિધા મળે તેવી નેમ છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા મુસાફરોને આરામદાયક અને સલામત મુસાફરીની સેવા પુરી પાડવા નવી વોલ્વો બસો ફાળવવા ઉપરાંત લગ્નપ્રસંગને અનુલક્ષી રાહતદરે વિશિષ્ટ બસ સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ૫૦ નવી વોલ્વો બસ સેવાનો પ્રારંભ કરાવ્યો હતો. જ્યારે વિવિધ ઉત્સવોમાં ડેપો દીઠ એક બસ લગ્નપ્રસંગો માટે ફાળવવામાં આવી છે. લગ્નપ્રસંગે ૧૨૦૦થી ૩૦૦૦ સુધીના નજીવા દરે બસસેવા પુરી પાડવામાં આવે છે તેવી જાહેરાત પણ મુખ્યમંત્રીએ કરી હતી.

મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ એસ.ટી. દ્વારા પ્રજા-મુસાફરોની સહુલિયત માટે સેવામાં મૂકાયેલી ૫૦ વોલ્વો બસ સર્વિસનો પ્રસ્થાન સંકેત આપી પ્રારંભ કરાવ્યો હતો. તેમણે લગ્નપ્રસંગે રાહત દરે ફાળવવાની થતી વિશિષ્ટ બસ સેવાઓ પણ લોકાર્પિત કરી હતી.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ, વાહન વ્યવહાર રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલ અગ્રગણ્યોની ઉપસ્થિતીમાં આયોજીત આ સમારોહમાં વિજયભાઇ રૂપાણીએ કહ્યુ કે, રાજ્યના મહત્વપૂર્ણ યાત્રાધામો અને શહેરોને વોલ્વો સેવાથી આગામી દિવસોમાં જોડવા છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે આ સરકાર સંવેદનશીલતાથી ગરીબ, વંચિત, જરૂરતમંદ પરિવારોની પડખે સદાય ઊભી રહેનારી સરકાર છે. આવા ગરીબ પરિવારોમાં લગ્ન જેવા ખૂશીના પ્રસંગોએ રૂ. ૧૨૦૦થી ૩૦૦૦ સુધીના નજીવા રાહત દરે એસ.ટી. બસ સેવાઓ પૂરી પાડી ખાનગી વાહનોમાં થતા કવેળાના અકસ્માતથી ખૂશીનો અવસર શોક-માતમમાં ન ફેરવાઇ જાય તેવી સંપૂર્ણ સંવેદનાથી કાળજી સરકાર રાખે છે એમ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે એમ પણ જણાવ્યું કે, સુવિધાઓ-સગવડતાઓ માત્ર પૈસા વાળા વર્ગો માટે જ નહિ, પરંતુ ગરીબમાં ગરીબ માનવીને પણ તેનો લાભ મળે તેવી આપણી નેમ છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ગુજરાત એસ.ટી. નિગમ અદ્યતન ટેકનોલોજી, બસોમાં જીપીએસ સિસ્ટમ, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર સાથે સીધા જોડાણથી રિયલ ટાઇમ મોનીટરીંગ અને સમયપાલનમાં દેશમાં અગ્રેસર રહ્યું છે. નિગમના કર્મીઓની કાર્યશીલતાને અભિનંદન પાઠવ્યા હતા. અત્રે એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે, ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા પ્રજાની સેવામાં મૂકાયેલી ૫૦ વોલ્વો બસ એલઈડી ટીવી, વાઇફાઇ ડીવાઇસીસ, પ્રત્યેક સીટ પર મોબાઇલ-લેપટોપ ચાર્જીંગ પ્લગ સહિતની સુવિધાઓ ધરાવે છે. લગ્નપ્રસંગે રાહતદરે ફાળવવાની થતી વિશિષ્ટ બસ રાજ્યના તમામ ૧૨૫ એસ.ટી. ડેપો પર ફાળવણી કરવામાં આવશે.

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે જણાવ્યું હતુ કે રાજ્યનાં ૨૫ લાખ જેટલા મુસાફરો એસ.ટી. બસ સેવાનો લાભ લે છે. પ્રવાસીઓની જરૂરિયાત પ્રમાણે આધુનિક સુવિધાઓથી સજ્જ વોલ્વો બસની સેવાનો વ્યાપ વધે અને મુસાફરોને સારી સુવિધા પ્રાપ્ત થાય તે માટે રાજ્યના એસ.ટી. ડેપોની સુવિધાઓ વધારી છે.

વાહન વ્યવહાર રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતુ કે આજના સ્પર્ધાત્મક યુગમાં આધુનિક સુવિધાઓથી સજ્જ વોલ્વો બસમાં એ.સી., એલ.સી.ડી., સી.સી. ટીવી, સુવિધા મુસાફરોને મળશે. લગ્ન પ્રસંગે રાહત દરે ફાળવવાની વિશિષ્ટ બસો પણ રાજ્યની પ્રજા માટે સેવામાં મુકી છે. રાજ્યના ૯૯ ટકા ગ્રામ્ય વિસ્તારને એસ.ટી. સુવિધાથી આવરી લીધી છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ડો. સાહેબ... તમે બ્લડ પ્રેસર નેવું એકસો વીસ જ રહેવું જોઈએ એવું નક્કી કર્યું છે તેમ આ લોકો પેટ્રોલનાં ભાવમાં કરતા હોય તો...!!

પોલીસ પર પથ્થરમારા મામલે કોંગ્રેસના કાર્યકરો સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૨૦

તાજેતરમાં કોંગ્રેસ દ્વારા વિધાનસભા ઘેરાવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેને પગલે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે રાજ્યભરમાંથી મોટીસંખ્યામાં કોંગ્રેસ પક્ષના કાર્યકરો આવી પહોંચ્યા હતા. કોંગ્રેસના આગેવાનોની સભા બાદ કાર્યકરોએ કુચ માટે શરુઆત કરી હતી. તે સમયે ઘ-૩ પાસે પોલીસ તંત્ર દ્વારા કાર્યકરોની અટકાયત કરી દેવાઈ હતી. જેને પગલે કાર્યકરોમાં રોષ ભભુકતા કેટલાક કાર્યકરો દ્વારા પોલીસ પર ઈંટો અને નાળીયેર ફેંક્યા હતા. જેમાં પોલીસ કોન્સ્ટેબલ ને માથામાં પથ્થર વાગતા લોહીલુહાણ હાલતમાં સિવિલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારે પોલીસ પર હુમલાની ઘટનામાં ઈજાગ્રસ્ત કોન્સ્ટેબલ દ્વારા સે-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. આરોપીઓએ ગેરકાયદે મંડળી રચી રેલીની મંજુરી ન હોવા છતા વિધાનસભા તરફ આગળ વધી હાજર પોલીસ અધિકારીઓ તથા પોલીસના જવાનો પર હુમલો કરી ઈજા પહોંચાડી ફરજમાં રૂકાવટ કરવાનો ગુનો નોંધાયો છે.

કોંગ્રેસ દ્વારા વિધાનસભા ઘેરાવનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો. પરંતુ પોલીસ દ્વારા તેમને માત્ર સત્યાગ્રહ છાવણી ખાતે સભા કરવાની મંજુરી આપવામા આવી હતી. ત્યારે કોંગ્રેસના કાર્યકરોએ અગાઉથી નક્કી કર્યા પ્રમાણે સત્યાગ્રહ છાવણી પર આવીને પથિકાશ્રમ તરફ આગળ વધવાનુ શરુ કર્યું હતું. ત્યારે માર્ગ પર રેલીની સાથે મોટીસંખ્યામાં પોલીસ હતી. પોલીસે કાર્યકરોની અટકાયત કરવાનું શરુ કરતા કાર્યકરોમાં ભાગદોડ મચી જવા પામી હતી અને માર્ગની બાજુમાં આવેલી વનવિભાગની ફેન્સીંગ કરેલી જગ્યામાં જતા રહ્યા હતા. પોલીસે કાર્યકરોને વિખેરવાનો પ્રયાસ કરતા સુત્રોચ્ચાર કરી આસપાસમાંથી નાળીયેર અને ઈંટોનો મારો પોલીસ પર શરુ કરી દીધો હતો. આ રેલીના બંદોબસ્તમાં વલસાડ રેલ્વે પોલીસના પીસી પ્રવીણભાઈ કેશુભાઈ ચૌધરીને માથાના ભાગે વાગતા લોહી લુહાણ થઈ ગયા હતા. તેઓને તાત્કાલીક સારવાર માટે સિવિલ લઈ જવાયા હતા. ત્યારે પ્રવિણભાઈએ નોંધાવેલી ફરીયાદ પ્રમાણે જયારે રેલી આગળ નીકળી ત્યારે ઈન્ચાર્જ પીઆઈ એમ.બી.રાઠવા એ તેઓને રેલી સાથે ચાલતા જવાનો હુકમ કરેલ, પથિકાશ્રમ પાસે આ બનાવ બન્યો હતો. ત્યારે તેમની સાથે ગાંધીનગર રેન્જ ડીઆઈજી સાથેના પોલીસ સ્ટાફને પણ માથામા પથ્થર વાગ્યો હતો પરંતુ હેલ્મેટ પહેર્યું હોવાથી તેઓને ઈજા પહોંચી ન હતી. તેમને ઈંટ વાગતા સાથેના પોલીસ કોન્સ્ટેબલ દિલપેશકુમાર રૂવાજી સિવિલ સારવાર માટે લઈ ગયા હતા.

વાતવાતમાં

● શહેરના માર્ગો પર યોજાયેલા અંબાજી પદયાત્રીઓ માટેના વિસામા-સેવાકેન્દ્રોનું સમાપન થયું છે. ચ-૩ સર્કલે સેવાકેન્દ્રના આયોજન દરમ્યાન રોડ વચ્ચે ડિવાઈડર પર લગાડાયેલ મસ મોટુ હોર્ડિંગ વાહનચાલકો માટે નડતરરૂપ બની રહ્યું છે જે સત્વરે હટાવાય તેવુ વાહનચાલકો ઈચ્છી રહ્યા છે.

● જિલ્લા પંચાયતમાં પાંચ નાયબ ચીટનીસ તાલુકા વિકાસ અધિકારી માટે લેવાયેલ ખાતાકીય પરીક્ષામાં ઉત્તીર્ણ થતાં પંચાયતમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

● જિલ્લા પંચાયતની કર્મચારી ધિરાણ મંડળી દ્વારા તેના સભાસદોને ટ્રાવેલ બેગની બોનસ તરીકે આપવામાં આવી છે.

● જિલ્લાના તમામ સિનીયર અધિકારીઓના રીંગટોનમાં કુપોષણ મુક્તિનું થીમ સોંગ મુકવામાં આવ્યુ છે.

ગાંધીનગર સિવિલમાં એનઆઈસીયુ વિભાગમાં શોર્ટ સર્કિટ : જાનહાની ટળી

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના એનઆઈસીયુ વિભાગમાં આજે શોર્ટ સર્કિટની ઘટના સામે આવી હતી. શોર્ટ સર્કિટની જાણ થતા કર્મચારીઓમાં ચહલ પહલ વધી ગઈ હતી. સદ્નસીબે ઈલેક્ટ્રીક બોર્ડ પાસે એક વાયર સળગી ટુંક સમયમાં ઓલવાઈ જતા મોટી જાનહાની ટળી હતી. વોર્ડમાં છાશવારે બનતા શોર્ટસર્કિટની બનાવ અને વોર્ડમાં જગ્યાના અભાવે વોર્ડ ખસેડવામાં આવે છે. વોર્ડ પહેલા ભોંયતળીએ હતો, ત્યાંથી ખસેડીને જુના સ્પેશીયલ રુમના વોર્ડ હતો તે જગ્યાએ ટુંક સમય પહેલા જ લઈ જવાયો છે. ત્યારે ત્યાં પણ શોર્ટ સર્કિટની ઘટના બનતા વોર્ડ પાછો જે તે સ્થળે લઈ જવાની તૈયારીઓ ચાલી રહી છે. ત્યારે શોર્ટ સર્કિટની ઘટનાને પગલે એક મશીન ખરાબ થઈ ગયું હોવાના સમાચાર સિવિલના અંતરંગ સુત્રો પાસેથી જાણવા મળે છે. વોર્ડ બદલવાની સમસ્યાથી બાળદર્દીઓ હેરાન થાય છે તો બીજી તરફ મેન પાવર અને મની પાવરનો વ્યય થાય છે. ત્યારે હવે નાના બાળકોના વોર્ડને કાયમી એક સ્થળે રાખવામાં આવે તેવી દર્દીઓની લાગણી અને માંગણી છે.

ગાંધીનગર જિલ્લાના નાદરી-ચાંદીસણા ખાતેની પ્રાથમિક શાળામાં બાળકોને શિક્ષકો દ્વારા તિથિભોજનના ભાગરૂપે સ્વરૂચિ ભોજન કરાવાયું હતુ જેનો ૪૦૦ બાળકોએ લાભ લીધો હતો.

હજુ, ગુજરાતમાં છુટો છવાયો વરસાદ પડશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે જણાવ્યું છે કે, વરસાદ અંગે જોતાં હમણાં ગુજરાતના ભિન્ન ભિન્ન ભાગોમાં વરસાદ થવામાં છે. આમ છતાં હજુ પણ કચ્છ, ઉત્તર ગુજરાત અને સુરેન્દ્રનગર જિલ્લાના ભાગોમાં વરસાદ ઓછો થવાથી કૃષિ પાકો પર તેની અસર થવામાં છે. ભૌગોલિક બાબતો, ગ્રહો તેમજ અન્ય આધારે જોતાં હજુ ભિન્ન ભિન્ન ભાગોમાં વરસાદ થવાની શકયતા છે.

હજુ શિયાળુ પવન શરુ થયો ન હોવાથી વરસાદની આશા જ ગણાય. તા. ૨૧મીએ સૂર્ય બુધ યુતિના લીધે ગરમી વધે કેટલાક ભાગોમાં મહત્તમ ઉષ્ણતામાન ૩૬ ડિગ્રી સેલ્સિયસ થવાની શકયતા રહે. તા. ૨૩મીએ દક્ષિણ ગોળાર્ધમાં જતા આકરો તાપ પડે અને ઓકટોબર માસમાં તો મહત્તમ ઉષ્ણતામાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ જેવું થઈ જવાની ધારણા રહે ગરમીના લીધે હવાના હળવા દબાણ સાગરમાં થવાથી વરસાદની શકયતા રહે. તા. ૨૨ સપ્ટેમ્બરથી હવામાનમાં પલટો આવે. દક્ષિણ મહારાષ્ટ્રના ભાગો દક્ષિણ ગુજરાતના ભાગો તા. ૨૦થી ૨૨માં વરસાદની શકયતા રહે. ગુજરાત-સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં પણ તા.૨૪થી ૨૭ દરમિયાન કેટલાક ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની શકયતા રહે. ઓકટોબર તા. ૭ સુધીમાં રાજયના દરિયાકિનારે ભારે પવન ફૂંકાય અને કેટલાક ભાગોમાં ભારે પવન ફૂંકાય અને હાથીયો ગાજવીજ સાથે વરસી શકે હજુ પણ માસ સવામાસ સુધી આકરી ગરમી રહે અને કોઈ કોઈ ભાગોમાં હવાના હળવા દબાણથી વરસાદ વરસી શકે. પર્વત આકારનો મેઘ જયાં ચડે ત્યાં પડે.

ધોળાકુવાના રામદેવનગર વાસમાં એક મહિનાથી પાણી જ આવતું નથી

સ્થાનિકો રીક્ષામાં કેરબા ભરીને દુરથી પાણી લાવે છે : પાટનગર યોજના વિભાગના અધિકારીઓને પણ રજુઆત કરવા છતા કોઇ પગલા લેવાતા નથી

ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરના શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ધોળાકુવા ગામમાં સ્થિત રામનગર વસાહતના રહીશોની હાલત દયાજનક બની છે. આ વિસ્તારમાં છેલ્લા એક મહીનાથી પાણી આવતુ નથી. અગાઉ આ વિસ્તારની નજીક જ ડહોળુ પાણી આવતુ હોવાનો કકળાટ પણ પ્રવર્તયો હતો. જયારે રામનગર વિસ્તારમાં પાણી ન આવતા હાલ રહીશો એક કીલોમીટર દુર પાણી લેવા માટે લાંબા થાય છે. રીક્ષામાં કેરબા ભરીને પાણી લાવવાની ફરજ પડી છે. પાટનગર યોજના વિભાગના અધિકારીઓ સમક્ષ રજુઆત કરવા છતા કોઇ પગલા લેવાતા નથી. સ્થાનિકો પાણી વિના ડગલે ને પગલે હાલાકી વેઠી રહ્યા છે.

ગાંધીનગરના શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં અવારનવાર પાણીની પોકાર ઉઠવા પામે છે. આ ગામોમાં પાણીની ગુણવત્તા સામે પણ અનેકવાર પ્રશ્નો ઉઠવા પામે છે. પરંતુ શહેરી વિસ્તારના ગામોમાં પાણી વિતરણ વ્યવસ્થા દાયકાઓના અંતે પણ અપગ્રેડ થઈ શકી નથી આ ગામોમાં પાણીના નવા બોર બનાવાયા છે.જયારે પાણીની નવી ટાંકી તેમજ સંપ અને પાઈપલાઈનનુ કામ પણ હાથ ધરાશે. આવા સંજોગોમાં ગામના કેટલાક વિસ્તારમાં પાણીનુ ટીંપુ પણ નસીબ ન થતા ગ્રામજનોએ રોજબરોજ જીવન જરૂરિયાતની વસ્તુ માટે વલખા મારવા પડે છે. ધોળાકુવા ગામમાં અગાઉ ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી.જયારે હાલ ગામના રામદેવનગર વાસમાં પાણી જ આવતુ ન હોવાનો આકોશ સ્થાનિકોમાં પ્રવર્તયો છે. આ વિસ્તારમાં છેલ્લા એક મહીનાથી પાણી આવતુ નથી. જેના લીધે સ્થાનિકોએ આસપાસના મકાનોમાં દુર સુધી પીવાનુ પાણી લેવા માટે જવુ પડે છે.જયારે રીક્ષામાં બેસીને દુરથી કેરબામાં પાણી લાવવાની નોબત આવી છે. આ વિસ્તારમાં છેલ્લા એક મહીનાથી પાણીની સમસ્યા ઉદભવી છે. જયારે આ મામલે ત્વરિત અસરથી પગલા લેવા માટે પણ સ્થાનિકોએ રજુઆત કરી છે. આ અંગે પાટનગર યોજના વિભાગના અધિકારીઓ સમક્ષ રજુઆત કરવા છતા કોઇ પગલા લેવાયા ન હોવાનો રોષ પણ સ્થાનિક રહીશોમાં પ્રબળ બન્યો છે.

આર.જી. વિદ્યાલયની તેજસ્વી વિદ્યાર્થીનીઓનું સન્માન

ત્રિદલ સંસ્થા દ્વારા બોર્ડની પરીક્ષામાં ગુજરાતી વિષયમાં વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં આર.જી. પટેલ કન્યા શાળાની ધો-૧૦માં ભણતી વિદ્યાર્થીનીઓ વિધિ જાડેજા, સિમરન પટેલ તેમજ ધો-૧૨માં ભણતી ભૂમિ પટેલેને પ્રમાણપત્ર, પુસ્તક તથા રોકડ પુરસ્કાર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે ધો-૧૦ની ૧૫ જેટલી વિદ્યાર્થીનીઓ કે જેમણે ૮૫ ટકાથી વધુ ગુણ મેળવ્યા હતા તેમને પણ પ્રમાણપત્ર, પુસ્તક તેમજ રોકડ પુરસ્કાર આપી સન્માનવામાં આવ્યા હતા. શિક્ષકો તેમજ આચાર્યા સુધાબેન પટેલનું પુસ્તક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

ડભોડા ખાતે ખુશ્બુ ફાઉન્ડેશન દ્વારા મોટીવેશન સેમિનાર યોજાયો

ગાંધીનગર તાલુકાના ડભોડા જ્ઞાનયોગ એકેડમી ખાતે ખુશ્બુ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સવારે ૮ થી ૧૧ કલાક સુધી મોટીવેશન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટીવેશન ટ્રેનર ચેતન સોની દ્વારા વ્યક્તિત્વનો વિકાસ તથા જીવનમાં આત્મવિશ્વાસ ઉત્સાહ સાથે કેવી રીતે જીવી શકાય તેવું વક્તવ્ય રજૂ કર્યુ હતુ. આ સેમિનારમાં તજજ્ઞ તરીકે નરેશ ઠક્કર, દિનેશ પ્રજાપતિ સહિત વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહી પ્રશ્નોત્તરીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આવતીકાલે કોબા કમલમ્ ખાતે ભાજપ પ્રદેશ કારોબારી

ભાજપ અધ્યક્ષની હાજરીમાં હોદ્દેદારોની ખાસ બેઠક જુદા જુદા પાસા ઉપર ગંભીર ચર્ચા વિચારણા હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૦

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે બેઠકોનો દોર પણ હવે દિન પ્રતિદિન શરૂ થઈ રહ્યો છે. ભાજપ દ્વારા આક્રમક રણનીતિ તૈયાર કરવામાં આવી રહી છે. વધુને વધુ સીટો જીતવી રાખવાના હેતુસર મિટિંગોના દોર ચાલી રહ્યા છે. આના ભાગરુપે ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશ પ્રભારી અને રાષ્ટ્રીય મહામંત્રી ભુપેન્દ્રજી યાવદ, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી સતીષજી, મુખ્યમંત્રી વિજય રૂપાણી તતા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલની ઉપસ્થિતિમાં આગામી ૨૨મી સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ સવારે ૧૦.૩૦ કલાકથી સાંજ સુધી ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે ગુજરાત ભાજપ પ્રદેશ કારોબારી બેઠક યોજાશે. આ પ્રદેશ કારોબારી બેઠક પૂર્વે ભાજપ પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં તારીખ ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ બપોરે ૧.૩૦ કલાકથી સાંજ સુધી ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ હોદ્દોદારોની બેઠક યોજાશે, જેમાં પ્રદેશ કોર ગ્રુપ, પ્રદેશ હોદ્દેદારો, પ્રદેશ મોરચાના પ્રમુખો, જિલ્લા-મહાનગરના પ્રભારીઓ તથા જિલ્લા-મહાનગરના પ્રમુખો ઉપસ્થિત રહેશે. તારીખ ૨૨મી સપ્ટેમ્બરે યોજાનાર પ્રદેશ કારોબારી બેઠકમાં પ્રદેશ કોર ગ્રુપ, પ્રદેશ હોદ્દેદારો, પ્રદેશ મોરચાના પ્રમુખો, વિવિધ સેલના પ્રદેશ સંયોજકો, પ્રદેશ સેલના કન્વીનરો, પ્રદેશ કારોબારી સભ્યો જેમાં આમંત્રિત અને વિશેષ આમંત્રિત સભ્યો, જિલ્લા-મહાનગરના પ્રભારીઓ, પ્રમુખ, મહાનમંત્રીઓ જિલ્લા પંચાયતના પ્રમુખો જેમાં વિપક્ષના નેતા તથા મહાનગરપાલિકાના મેયરો ઉપસ્થિત રહેશે.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

મહાનગર ભાજપે પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે સેવાકાર્યો કર્યા

ગાંધીનગર તા ૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા ભારત રત્ન અને પુર્વ પ્રધાનમંત્રી અટલજીની યાદમાં સવા વસ્તીમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જે અન્વયે સે-૨ ફ્રી મેઘા મેડીકલ કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણી તેમજ પુરુષોત્તમ રૂપાલા હાજર રહ્યા હતા.

જયારે આ મેડીકલ કેમ્પમાં ૪૭૫ લાભાર્થીઓએ ભાગ લીધો હતો. વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે આઈ ચેક અપ,મહાઆરતી , બટુકભોજન સફાઈ અભિયાન તથા વિકલાંગ બાળકોને ફુટ વિતરણ ઉપરાંત સે-૧૬ ખાતે રમકડાનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. દરેક વાર્ડમાં સાફ સફાઈ અને મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યો હતો.

જાહેરાત

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિકામ

બ્લોક નં.૧૬, ભોંયતળીયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર (ફોન નં. ૦૭૯-૨૩૨ ૫૬૪૮૮) CIN 91990 GJ 2003 SGC 042945
Website : www.sje.gujarat.gov.in/gtkvn • Email : md-gtkvn@gujarat.gov.in

આ નિગમના વર્ષ-૨૦૧૮-૧૯ માટેના હિસાબો ડબલ એન્ટ્રીથી ટેલીમાં લખવા માટે અને વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નિમણૂંક કરવાની છે. તે માટે રસ ધરાવતી ગાંધીનગર ખાતે ઓફીસ ધરાવતી માન્ય ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કંપનીઓ પાસેથી ટેન્ડર પદ્ધતિ દ્વારા ભાવો મંગાવવામાં આવે છે. સીલબંધ કવરમાં ભાવ તા. ૩/૧૦/૨૦૧૮ કચેરી સમય સુધીમાં રજૂ કરવાના રહેશે.

(૨) ટેન્ડર ફી રૂ. ૨૦૦/- (નોન રીફંડેબલ) ડીમાન્ડ ડ્રાફ્ટ / રોકડ જમા કરાયેથી નિગમની કચેરી ખાતેથી ટેન્ડર ફોર્મ કચેરી સમય દરમિયાન મળી શકશે.

ભાવ મંજુર / નામંજુર કરવા અંગે નિગમને અબાધિત અધિકાર રહેશે.

માહિતી/૧૬૨૫/૧૮-૧૯ — મેનેજીંગ ડીરેક્ટર